# Music



7


નિર્માણ

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર


શિક્ષક-આવૃત્તિ

# સંગીત

પ્રથમ સત્ર • દ્વિતીય સત્ર





## ધોરણ 7

શિક્ષક-
આવૃત્તિ

# સંગીત

## ધોરણ 7

### (પ્રથમ સત્ર • દ્વિતીય સત્ર)

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને આધીન છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**
ડૉ. ટી. એસ. જોષી
હરેશ ચૌધરી
ઇકબાલ ડી. વૉરા
ચંદ્રેશ પી. પાલ્લીઆ

**સહ-કન્વીનર :**
શૈલેષગીરી બાવા

**લેખન-સંપાદન :**
ધીરેનભાઈ પટેલ
યોગેન્દ્રસિંહ સરવૈયા
આરતી શર્મા
ગાયત્રી સોની
મીનલબેન ભટ્ટ
અનુપ જૈન
જીગર જોશી
નેહાબેન રાવલ
દિપ્તેશ મેસરીયા
રેખાબેન દવે
ચંદ્રકાન્ત પ્રજાપતિ
અલ્કેશ ભટ્ટ
કૃતિબેન અંતાણી
મહેશ વણકર
ઉમેશ કાબરિયા
દર્શનબેન જગતાપ
અતુલ સોલંકી

**ચિત્રાંકન :**
જ્યોતિ ખત્રી

**ટાઈટલ ડિઝાઈન :**
ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

RTE-2009 તેમજ NCF-2005 ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો અંગેની આપણી સમજ તેમજ શિક્ષણ-પ્રક્રિયા અંગેની સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી રીતે યોજવામાં આવી છે કે જેથી પ્રવૃત્તિ પછી એ અંગે ચર્ચા અથવા ચિંતન થાય, ઉપયોજન થાય અને શું શીખ્યા એ પણ તારવી શકાય. બાળકોને અવારનવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો - ભણવાનો અવસર મળે એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ બને એવાં પાઠ્યપુસ્તકો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અલબત્ત, નવા અભ્યાસક્રમ મુજબ પાઠ્યપુસ્તક પોતે પણ આખરે તો એક અધ્યયન-સામગ્રી છે, લક્ષ્ય નથી. મતલબ કે સાધન છે, સાધ્ય નથી. તેથી પાઠ્યપુસ્તક પોતે સમગ્ર શિક્ષણનું સાધન ન જ બની શકે તેમ છતાં એવું જરૂર કહી શકાય કે પ્રવૃત્તિલક્ષી શિક્ષણની આ તરાહ કદાચ સૌપ્રથમ વાર પ્રયોજાઈ રહી છે. આશા છે કે આ પાઠ્યપુસ્તકોના ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સરળ તેમજ રોચક બનશે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણ અગ્રસચિવશ્રી તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ પણ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ જૂથના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEF નો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કૉર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

ધોરણ 1 થી 8માં સંગીત કલાની શિક્ષક-આવૃત્તિ ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન કર્યો છે છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

શુભેચ્છા સહ.

| | |
|---|---|
| **એમ. ટી. શાહ** | **એચ. કે. પટેલ GAS** |
| નિયામક | નિયામક |
| જી.સી.ઈ.આર.ટી. | ગુ.રા.શા.પા.મંડળ |
| ગાંધીનગર | ગાંધીનગર |

તા. 1-3-2013

પ્રથમ આવૃત્તિ : 2012, પુનર્મુદ્રણ : 2013

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ. કે. પટેલ, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અભ્યાસક્રમ

## પ્રથમ સત્ર


| | | |
|---|---|---|
| ધોરણ 7 | ગુજરાતી | 10 |
| એકમ 1 | આજની ઘડી રળિયામણી | 10 |
| એકમ 2 | પરીક્ષા | 11 |
| એકમ 3 | બે ખાનાંનો પરિગ્રહ | 11 |
| એકમ 4 | રાનમાં | 12 |
| એકમ 5 | ભીખું | 12 |
| એકમ 6 | ટાચકા ફોડ્યા | 13 |
| એકમ 7 | માલમ મોટા હલેસાં તુ માર | 13 |
| એકમ 8 | વતનની વહેલમાં | 13 |
| ધોરણ 7 | સામાજિક વિજ્ઞાન | 15 |
| એકમ 1 | બે મહારાજ્યો | 15 |
| એકમ 2 | પૃથ્વી ફરે છે. | 15 |
| એકમ 3 | સરકાર | 15 |
| એકમ 4 | રાજપૂત યુગ | 15 |
| એકમ 7 | રાજ્યની શાસનવ્યવસ્થા | 16 |
| ધોરણ 7 | હિન્દી | 17 |
| એકમ 1 | कृत्ते की वफादारी | 17 |
| એકમ 2 | कथनी और करनी | 17 |
| એકમ 3 | हिन्द देश के निवासी... | 18 |
| એકમ 4 | विक्रम साराभाई | 18 |
| એકમ 5 | दोहा-अष्टक | 18 |
| ધોરણ 7 | અંગ્રેજી | 19 |
| Unit 1 | - | 19 |
| Unit 2 | The dark house | 19 |
| Unit 3 | Drama | 19 |
| Unit 4 | Mimne | 19 |
| ધોરણ 7 | વિજ્ઞાન અને ટેક્નોલૉજી | 20 |
| એકમ 1 | ચુંબકના ગુણધર્મો | 20 |
| એકમ 2 | આહારના ઘટકો | 20 |
| એકમ 3 | વનસ્પતિના અંગો | 20 |
| એકમ 8 | પાચનતંત્ર, શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર | 21 |
| ધોરણ 7 | ગાયન | 23 |


## દ્વિતીય સત્ર


| | | |
|---|---|---|
| ધોરણ 7 | હિન્દી | 17 |
| એકમ 1 | कृत्ते की वफादारी | 17 |
| એકમ ૨ | कथनी और करनी | 17 |
| એકમ 3 | हिन्द देश के निवासी... | 18 |
| એકમ 4 | विक्रम साराभाई | 18 |
| એકમ 5 | दोहा-अष्टक | 18 |
| ધોરણ 6 | ગુજરાતી | ૨8 |
| એકમ 10 | આલાલીલા વાંસળિયા | ૨8 |
| એકમ 1૨ | રાવણનું મિથ્યાભિમાન | ૨9 |
| એકમ 13 | સાગરકાંઠાનો પ્રવાસ | 30 |
| એકમ 15 | ગુજરાત મોરી મોરી રે | 31 |
| એકમ 16 | માતૃહૃદય | 3૨ |
| એકમ 17 | સુગંધ કચ્છની | 34 |
| પૂરક વાચન | | |
| એકમ 3 | રૂપાળું મારું ગામડું | 35 |
| ધોરણ 6 | હિન્દી | 36 |
| એકમ 9 | इतनी शक्ति हमें देना दाता | 36 |
| એકમ 10 | अनूठे इन्सान | 36 |
| એકમ 11 | जरा मुस्कुराइए | 37 |

# અભ્યાસક્રમ

## વિષય : સંગીત

### ધોરણ ૧થી ૮

ગાયન, વાદન અને નર્તનનો સમન્વય એટલે સંગીત. સંગીતનું મૂળ ભૌતિક સ્વરૂપ ધ્વનિ છે. સૃષ્ટિની ઉત્પત્તિ ધ્વનિમાંથી થઈ છે, તેથી સંગીતને નાદબ્રહ્મ કહે છે. આપણે સૌ પણ નિત્ય ધ્વનિથી વીંટળાયેલા હોઈએ તેવો અનુભવ કરીએ છીએ. માનવના આ વ્યક્તિત્વ વિકાસ પર ધ્વનિનો બહુ મોટો પ્રભાવ હોય છે. વિદ્યાર્થીના જીવનમાં વ્યવસ્થિતા, સૌંદર્ય, કલાત્મકતા આવે અને સર્વાંગી વિકાસ થાય એ માટે સંગીત વિષયનું શિક્ષણ જરૂરી છે. ભતૃહરિ 'નીતિશતક' ગ્રંથમાં કહે છે, "સાહિત્ય અને સંગીતકલા વગરના મનુષ્યનું જીવન પશુ સમાન છે."

**હેતુ :**

(1) વિદ્યાર્થીઓમાં સંગીત માટે રસ ઉત્પન્ન કરવો તેમજ કેળવવો અને તેઓ જીવનમાં સંગીતનો સાત્વિક આનંદ માણી શકે અને વિશુદ્ધ સંગીત સાંભળી શકે, તેની કદર કરી શકે તથા જેનામાં સંગીતની સુષુપ્તશક્તિ પડેલી હોય તેને બહાર લાવી તેનો વિકાસ કરવા માટેનો પાયો નાખવો.

(2) બાળકો પોતાની શાળામાં ગવાતાં પ્રાર્થના-ગીતો, ભજન, રાષ્ટ્રગાન, પ્રેરણાગીતો, ઋતુગીતો, ઉત્સવગીતો, લોકગીતો, બાળગીતો, રાષ્ટ્રગીત કે કૂચગીતો તેમજ જન્મદિવસ-ગીતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં કે એવે પ્રસંગે તેમાં આવતાં ગીતો ભાવવાહી રીતે અને લયબદ્ધ રીતે રજૂ કરી શકે અને તેમને સ્પષ્ટ ઉચ્ચારણ અને અવાજ કાઢવાની સાચી ટેવો પડે તેમજ શ્વાસોચ્છ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાય.

(3) ધોરણ 6 થી 8ના જે વિદ્યાર્થીઓ ગાયન-વાદનમાં ખાસ કુદરતી શક્તિઓ ધરાવતા હોય તેવાને તેમની શક્તિઓનો વિકાસ કરવાની તક મળે અને પ્રોત્સાહન મળે.

(4) સંગીતનાં ત્રણ પાસાંઓ ગાયન, વાદન અને નૃત્યની સમજ કેળવે તેમજ સંગીતનાં વાદ્યોથી પરિચિત થાય જેના દ્વારા સર્જન-શક્તિનો વિકાસ થાય. ઉચ્ચ પ્રાથમિકમાં વિદ્યાર્થીઓ શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિમુખ થાય તેવા સરળ અલંકાર, રાગ, તાલ મૂકવામાં આવ્યા છે, જે શિક્ષક વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ શીખવશે.

(5) સંગીતકલા તથા નાટ્યકલા (સ્ટેચ્યુ, એકપાત્રીય અભિનય, વેશભૂષા, ભવાઈ, મોક અભિનય, મ્હોરા) દ્વારા બાળકની શરમ, સંકોચ, ક્ષોભ દૂર થશે, આત્મવિશ્વાસ વધશે. તેના દ્વારા તેની અભિવ્યક્તિ ખીલી ઊઠશે.

(6) બાળકો પોતાના પ્રદેશમાં થતાં લોકનૃત્યો વિશે જાણે અને સમૂહમાં લોકનૃત્યો રજૂ કરે. ધોરણ 1થી 5નાં બાળકો બાળગીતોની સાથે અભિનય-ગીતો પણ શીખે.

(7) ગુજરાતનું લોકસંગીત જેમાં દુહા, છંદ, રાસ, ગરબા, લોકગીતો, ભજનોને સાંભળે અને તેનું ગાન કરે.

(8) બાળક સૂરીલું, લયબદ્ધ અને તાલબદ્ધ બને.

(9) વિવિધ લાગણીઓના અસરકારક અનુભવ આપી શકાય.

(10) બાળકનો આત્મવિશ્વાસ કેળવાય, શ્રવણ-કૌશલ્ય વિકસે.

(11) બાળકનો શારીરિક, માનસિક, સામાજિક અને ભાવાત્મક વિકાસ થાય.

## સંગીત શીખવાનું મુખ્ય લક્ષ્ય અને તેનું મહત્ત્વ

- બાળકના સર્વાંગી વિકાસમાં સંગીત શીખવું એ ખૂબ મહત્ત્વનું છે.
- સંગીત દ્વારા બાળકના હૃદયની કેળવણી થાય છે. જીવનમાં આધ્યાત્મિક અને ભાવાત્મક પાસાંઓના વિકાસ માટે સંગીત શીખવવું એ ખૂબ જરૂરી છે.
- માનસિક તનાવ અને લાગણીઓ પર કાબૂ મેળવવા માટે સંગીતકલા જરૂરી છે.
- સંગીત વિષયમાં બાળકની રસ-રુચિ વિકસતા અન્ય વિષયો પણ સરળતાથી શીખી શકે છે.
- સંગીત એક યોગ છે જેથી તેની અન્ય વિષય શીખવાની એકાગ્રતા વધે છે.

### લક્ષ્ય

શ્રવણ, ગાયન, વાદન, નૃત્ય તેમજ નાટ્ય જેવા કૌશલ્યોનો વિકાસ કરવો.

## શીખવવાના લક્ષ્યોનો સમૂહ

વર્ષ દરમિયાન સંગીતકલા શીખવાનાં કૌશલ્યો

શ્રવણ :

ગાયન :

વાદન :

નૃત્ય :

નાટ્ય :

### ❖ શ્રવણ ❖

- જુદા જુદા પ્રકારનાં ગીતો, ભજનો, કવિતાઓ, રાષ્ટ્રગાન (જન ગણ મન...), રાષ્ટ્રગીત (વંદેમાતરમ્...), ભજન, લોકગીતો, પ્રાર્થનાગીતો, પ્રેરણાગીતો, પ્રકૃતિગીતો, રાષ્ટ્રીય ચેતનાનાં ગીતો, ઉત્સવ-ગીતો, ઋતુગીતો વગેરેનું શ્રવણ કરાવવું. (જો શિક્ષક સારું ગાઈ શકે તો જાતે ગાઈને બાળકોને સંભળાવશે અથવા ઑડિયો સીડી, કેસેટ પ્લેયર દ્વારા સંભળાવશે.)
- ગીતના ભાગો જેવા કે સ્થાયી, અંતરા, ટેક વગેરે સમજાવવું.

## ❖ ગાયન ❖

- સાંભળેલાં ગીતો શિક્ષક બાળકોને ગવડાવશે, સ્થાયી, અંતરા, ટેક આરોહ-અવરોહ સાથે બાળકો ગાશે.

## ❖ વાદન ❖

- હારમોનિયમ, તબલા, ઢોલક, ઢોલ, મંજીરા, ખંજરી, ઝાંઝ, કરતાલ જેવાં વાદ્યોનું બાળકોને વાદન કરતાં શીખવશે, જે બાળકોને વાદ્યો શીખવામાં રસ-રુચિ હોય તેવાં બાળકોને પસંદ કરીને શિક્ષક વાદ્યોની ઓળખ કરાવશે, ત્યાર બાદ તેને શીખવશે.
- પ્રારંભિક તાલ શીખવશે. જેવા કે હિંચ, દિપચંદી, દાદરા, કહેરવા વગેરે. જેમાં વિલંબિત લય, મધ્યલય, ધૃતલય વગેરેનું જ્ઞાન આપશે. બાળકોને વગાડતાં શીખવશે.

## ❖ નૃત્ય ❖

- રસ-રુચિ ધરાવતાં બાળકોને પ્રાદેશિક કક્ષાએ થતાં લોકનૃત્યો શિક્ષક કરાવશે, એની વીસીડી વગેરે બતાવીને પણ તૈયાર કરાવી શકે.
- પોતાના વિસ્તારમાં થતા ગરબા, રાસ, લોકનૃત્યો વગેરે શીખવશે, તેની સાથે-સાથે જે બાળકો નૃત્યમાં વિશેષ રસ-રુચિ ધરાવે છે તેને શાસ્ત્રીય નૃત્ય કે સારા ફિલ્મી કલાત્મક નૃત્યો પણ કરાવશે. દરેકને બાળ અભિનય-ગીતો અવશ્ય કરાવશે જ તથા નવરાત્રિના રાસ-ગરબા પણ જે-તે તહેવારના સમયે કરાવશે.

## ❖ નાટક ❖

- પ્રસંગોપાત શાળામાં ઊજવાતા ઉત્સવોમાં નાટકો ભજવાય, જેમાં રસ ધરાવતાં તમામ બાળકો ભાગ લેતાં થાય, સંવાદો રચે, હાવભાવ સાથે રજૂ કરતાં થાય, પાઠ્યપુસ્તકોમાં આવતા એકમોને આધારે વર્ગખંડમાં નાટ્યીકરણ દ્વારા યોગ્ય રજૂઆત કરતાં શીખવશે.

## ❖ બાળનાટક ❖

- બાળનાટક એ રસપ્રદ શૈક્ષણિક પ્રવૃત્તિ છે.
- બાળકમાં રહેલી કુદરતી અનુકરણ અને અભિનયની વૃત્તિઓને માર્ગ આપે છે કે ઊર્ધ્વીકરણ કરે છે.
- બાળકો અવાર-નવાર વાર્તા સાંભળે પછી તેમને એ વાર્તાનું નાટક કરવા સૂચવવું. પાત્ર-પસંદગી કર્યા પછી બાળક પોતાના અવલોકનના આધારે કયું પાત્ર કેમ વર્તે તે સમજીને અભિનય કરશે. દા.ત., સિપાહીનું પાત્ર રોફથી ચાલશે, ભરવાડનું પાત્ર ખભે લાકડી રાખી ચાલશે.
- બાળનાટકમાં સ્ક્રીપ્ટ લખવાની જરૂર નથી. બાળકો પોતાની સ્મરણ-શક્તિથી સંવાદો બોલશે.
- બાળનાટક માટે રંગભૂમિ, મંચ કે સજાવટની જરૂર નથી. રોજિંદા પોશાકમાં સહેજ ફેરફાર કરવાથી કામ ચાલશે. નાનકડી લાકડી બંદૂક, તલવાર બધામાં ચાલે. ખૂટતી વસ્તુ કે ભાવ પોતાની કલ્પના-શક્તિથી ઉમેરી લેશે.
- શિક્ષકે પણ બાળક સાથે નાટકમાં ઊતરવું અને રાજાનો નહિ પણ સિપાહીનો પાઠ ભજવવો.

## ધ્યાનમાં રાખવાની બાબતો

- ગીત-સંગીત સાદું, સરળ અને બાળકોની વયકક્ષાને અનુરૂપ હોવું જોઈએ.
- ઋતુ, તહેવાર, ઉત્સવ, પ્રસંગ, વિષયને અનુરૂપ ગીતની પસંદગી કરવી જોઈએ.
- ગીત ગાવું, ગવડાવવું પણ ગોખાવવું નહિ.
- દરેક બાળકને તક આપવી જોઈએ અને સંગીતના સાધનોનો ઉપયોગ કરવો.
- દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો.

- ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પસંદગીનાં ગીતો શોધવાં, પ્રિન્ટ કાઢીને, બાળકોને લખાવવા, રાગગીત (ઑડિયો) સંભળાવવું, ત્યાર બાદ ગવડાવવું. નેટ પરથી સંગીતનાં વાદ્યોમાં વિશિષ્ટ વાદ્યોનો, રાગોનો, સંગીતકારોનો પરિચય કરાવવો. સુંદર સમૂહ નૃત્યો, આપણા પરંપરાગત રાસ-ગરબા, આદિવાસી નૃત્યો, ભવાઈ, નાટકો વગેરે પણ નેટ પરથી ડાઉનલોડ કરીને બાળકોને બતાવવા, જેથી તેનામાં દૃષ્ટિ વિકસશે.
- શિક્ષકને મદદરૂપ થવા માટે અહીં કેટલાંક ગીતો વગેરે આપવામાં આવ્યું છે પણ એવો આગ્રહ નથી કે આજ ગીત કે રાગ, તાલ, અલંકાર કરાવવા. શિક્ષક પાસે વધુ સારાં ગીતો, વિવિધ પ્રકારનાં ગીતો, રાગ, તાલ, અલંકાર હોય તો શિક્ષક પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને બાળકોને કરાવી શકે છે.
- પહેલા જ ધોરણમાં બાળક બધુ માન્ય ભાષામાં ન ગ્રહણ કરી શકે તે સ્વાભાવિક છે તેથી જે-તે વિસ્તાર-પ્રદેશનાં બાળકો સમજી શકે તેવી બોલીનાં ગીતો પણ કરાવી શકાય.
- રાષ્ટ્રગાન (જન-ગણ-મન), રાષ્ટ્રગીત (વંદેમાતરમ્) પૂરા આદર સાથે ગવાય તે ખૂબ જરૂરી છે. તેના રાગ-ઢાળ-તાલ, સમય-મર્યાદા વગેરે જીસીઈઆરટી દ્વારા નિર્માણ થયેલ ઑડિયો-સીડી "સામુદાયિક ગાન-2011"માં છે. ઉપરાંત જન્મદિવસ-ગીત, પ્રેરણાગીત અને અઠવાડિયાની પ્રાર્થનાઓ પણ આપવામાં આવી છે, જેનું બાળકોને શ્રવણ કરાવવું પછી ગવડાવવું.
- ગાયનમાં તથા વાદનમાં વિશેષ શક્તિ અને કૌશલ્ય ધરાવતાં બાળકોને અલગ તારવીને સંગીતવૃન્દ પણ તૈયાર કરવું. જેથી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિશેષ મદદરૂપ થશે તથા ભવિષ્યમાં સંગીત વિષયમાં પોતાનું કેરિયર પણ બનાવી શકે.
- પ્રાર્થના-કાર્યક્રમમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં, રાષ્ટ્રીય પર્વોમાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગાયન, વાદન, નૃત્ય, નાટ્યની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું.

# ❁ મૂલ્યાંકન ❁

- બાળકોને પ્રાર્થના-કાર્યક્રમમાં ભજન, ધૂન, બાળગીત ગવડાવી ગાન-કૌશલ્યનું મૂલ્યાંકન થઈ શકે. (અનૌપચારિક મૂલ્યાંકન)
- બાલસભા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને પણ મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)
- અભિનય-ગીત વર્ગમાં, બાલસભામાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કરાવી નૃત્યનું મૂલ્યાંકન થઈ શકે. (અનૌપચારિક મૂલ્યાંકન)
- પ્રાર્થનામાં વાદન માટે સાધનો (વાદ્યો) આપી સહજ રીતે વાદન-કૌશલ્યનું મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)
- શાળામાં વિવિધ વર્ગો વચ્ચે ગાયન, વાદન, નૃત્ય કે નાટકને લગતી પ્રવૃત્તિઓ યોજી મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)

ઔપચારિક મૂલ્યાંકન માટે નીચે પ્રમાણે વર્ગીકરણ કરવું :

| ક્ષેત્ર | A<br>ઉત્તમ | B<br>સારું | C<br>મધ્યમ | D<br>સાધારણ |
|---|---|---|---|---|
| લયબદ્ધતા (ગાયન-વાદન) | | | | |
| તાલબદ્ધતા (ગાયન-વાદન) | | | | |
| ઉચ્ચારશુદ્ધિ (ગાયન) | | | | |
| આરોહ-અવરોહની યોગ્યતા (ગાયન) | | | | |
| ભાવવાહિતા (ગાયન-નૃત્ય-નાટ્ય) | | | | |
| સંવાદની છટા (નાટ્ય) | | | | |
| અભિનય-હાવભાવ (નૃત્ય) | | | | |
| આત્મવિશ્વાસ | | | | |
| સમગ્ર રજૂઆત | | | | |

ધોરણ પ્રમાણે ગીતો / કૃતિઓની સંખ્યા આપી છે તે પ્રમાણે બાળકોને તૈયાર કરાવવા. અન્યથા નાના ધોરણોમાં શ્રવણ કરાવવું.

| ક્રમ | ગીતો / કૃતિ | ધોરણ 1 | ધોરણ 2 | ધોરણ 3 | ધોરણ 4 | ધોરણ 5 | ધોરણ 6 | ધોરણ 7 | ધોરણ 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | રાષ્ટ્રગાન જન-ગણ-મન... | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | શિસ્તબદ્ધ ગાન | આદરપૂર્વક ગાન કરે. | | |
| 2. | રાષ્ટ્રગીત વંદેમાતરમ્ | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | શિસ્તબદ્ધ આદરપૂર્વક ગાન કરે. | | | |
| 3. | ઝંડાગીત-વિજય વિશ્વ તિરંગા પ્યારા | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | શિસ્તબદ્ધ આદરપૂર્વક ગાન કરે. | | | |
| 4. | પ્રાર્થના | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | 2 | 2 | 2 | 2 |
| 5. | ભજન | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | 2 | 2 | 2 | 2 |
| 6. | જોડકણાં | 5 | 5 | 5 | – | – | – | – | – |
| 7. | બાળગીત | 5 | 5 | 5 | 5 | – | – | – | – |
| 8. | બાળ અભિનય-ગીત | 5 | 5 | 5 | 5 | – | – | – | – |
| 9. | બાળનાટકો | 2 | 3 | 3 | 4 | – | – | – | – |
| 10. | પ્રેરણાગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 2 | 2 | 2 | 2 |
| 11. | વૈતાલિક / પ્રભાતફેરીનાં ગીતો, કૂચગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 |
| 12. | જન્મદિવસ-ગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | ગાન 1 | ગુજરાતી 1 | ઈંગ્લિશ 1 | ગુજરાતી 2 | ઈંગ્લિશ 2 |
| 13. | લોકગીતો | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 2 | 2 | 2 | 3 |
| 14. | ઋતુગીતો | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 | 1 | 1 |
| 15. | ઉત્સવ / પર્વ-ગીતો | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 | 1 | 1 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16. | ઊર્મિગીતો | – | – | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 |
| 17. | પ્રાદેશિક નૃત્યો રાસ-ગરબા-પરંપરાગત નૃત્યો, નૃત્યનાટિકા | નિહાળે | નિહાળે | નિહાળે | 1 | 2 | 2 | 2 | 2 |
| 18. | નાટકો | નિહાળે | નિહાળે | નિહાળે | નિહાળે | 1 | 1 | 1 | 2 |
| 19. | ભવાઈ | નિહાળે | નિહાળે | નિહાળે | નિહાળે | 1 | 1 | 1 | 1 |
| 20. | રાષ્ટ્રીય ચેતનાનાં ગીતો રાષ્ટ્રીય એકતાનાં ગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 |
| 21. | ગુજરાત ગૌરવનાં ગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 |

- ધોરણ 1થી 8નાં પાઠ્યપુસ્તકોમાં આવતાં કાવ્યોનું ગાન કરાવવું. કાવ્યો વિવિધ પ્રકારના છે. જે આપણે અહીંયાં ઉપર પ્રમાણે વિવિધ કૃતિઓના પ્રકાર દર્શાવ્યા છે તે મુજબ કરાવવાં. અન્ય જગ્યાએથી સંદર્ભ-ગ્રંથોનો ઉપયોગ કરીને આ પ્રકારની કૃતિઓ બાળકોને શીખવવા પ્રયત્ન કરવો. બધું કરાવવું જ એવું પણ નથી. જેટલું થઈ શકે તેટલું કરવા પ્રયત્ન કરવો. અહીં વિવિધ કૃતિઓના પ્રકાર મૂક્યા છે તેના કરતાં વિશેષ સારી બાબત હોય તો તે પણ કરાવી શકાય. આપણા વિસ્તાર પ્રમાણે પણ કૃતિઓ પસંદ કરી શકાય. ઉપરાંત શિક્ષક-આવૃત્તિમાં પણ પાઠ્યક્રમને આધારે વિવિધ પ્રકારના પાઠ્યપુસ્તકને આનુષાંગિક ગીતો મૂકવામાં આવ્યાં છે, જેનો ઉપયોગ વર્ગખંડમાં કરી શકાય.

**પ્રથમ સત્ર**

**ધોરણ 7** | **ગુજરાતી**

**એકમ 1** | **આજની ઘડી રળિયામણી**

## ❖ લોકગીત ❖

શેરી વળાવી સજ્જ કરું, ઘરે આવોને,
આંગણિયે ફૂલડા વેરાવું, હરિ ઘેર આવોને.
ઉતારા આપીશ ઓરડા ઘરે આવોને,
મેડીના આપીશ મોલ, હરિ ઘેર આવોને.
દાતણ આપીશ દાડમી, ઘરે આવોને,
કરેલી કાંબ જ દઈશ, હરિ ઘેર આવોને.
નાવણ આપીશ કૂંડીયું ઘરે આવોને,
નદીયુંનાં નીર જ દઈશ, હરિ ઘેર આવોને.
ભોજન આપીશ લાપસી, ઘેર આવોને,
કઢિયેલાં દૂધ જ દઈશ, હરિ ઘેર આવોને.
મુખવાસ આપીશ એલચી, ઘેર આવોને,
પાનબિડલાં દઈશ પચાશ, હરિ ઘેર આવોને.
રમત આપીશ સોગઠાં, ઘેર આવોને,
પાસાંની જોડ જ દઈશ, હરિ ઘેર આવોને.
પોઢણ આપીશ ઢોલિયા, ઘેર આવોને,
હીંડોળા ખાટ જ દઈશ, હરિ ઘેર આવોને.

## એકમ 2

# પરીક્ષા

### ❖ ભજન ❖

વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે...
સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ, કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે...
સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્‌વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે..
મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે...
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યાં રે,
ભલે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે....

- નરસિંહ મહેતા

## એકમ 3

# બે ખાનાંનો પરિગ્રહ

### ❖ ગીત ❖

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે.
શુભ થાઓ આ સકલ વિશ્વનું એમ ભાવના નિત્ય રહે..
ગુણથી ભરેલા, ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.. મૈત્રી
દીન ક્રૂરને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે
કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.. મૈત્રી

માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ માર્ગની, તોયે સમતા સમતા ચિત્ત ધરું.. મૈત્રી
ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે.
વેરઝેરના પાપ ત્યજીને મંગલ ગીતો એ ગાવે.. મૈત્રી

## એકમ 4 રાનમાં

### ❖ બાળગીત ❖



ધીમે ધીમે...(2) આવજે પવન (2)
ચુંદડી અમારી ઊડી ઊડી જાય
કેસરિયા રંગની ચુંદડી અમારી
જાણે સંધ્યાની ઉઘડતી બારી
મંદ મંદ મધુરગીત ગાજે પવન.. ચુંદડી
ઝૂમે છે ફૂલડાને ઝૂમે છે ડાળીઓ
મલકતી ચાલ તું સુણાવજે પવન.. ચુંદડી
તારો મધુર સુર ડુંગરાની ધારે
મસ્ત બની ઝૂમતી નદીઓને આરે
કોયલનો કંઠ તું સુણાવજે પવન.. ચુંદડી

## એકમ 5 ભીખું

### ❖ ગઝલ ❖

પ્રભુ (ખુદા) તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
જે સારા હોય છે એની દશા સારી નથી હોતી.
ખૂબી તો એ છે કે ડૂબી જાઓ તો લઈ જાય છે કાંઠે,

તરો ત્યારેજ સાગરની હવા સારી નથી હોતી.
જગતમાં સર્વને કહેતા ફરો નહિ કે દુઆ કરજો,
ઘણા એવાય છે જેની દુઆ સારી નથી હોતી.
કબરમાં જઈને રહેશું તો ફરિશ્તાઓ ઊભા કરશે,
અહીં બેફામ રહેવાને જગા સારી નથી હોતી.. ખુદા તારી

### ❖ નાટક ❖

- માનવતા, દયા, કરુણા, ભાઈચારો જેવા ગુણો ખીલવી શકાય તેવું નાટક કરાવી શકાય.

## એકમ 6 ટાચકા ફોડ્યા

### ❖ નાટક ❖

- મહેનત અને સિધ્ધિ અંગે સંવાદ રચી અને નાટક તૈયાર કરાવવું.

## એકમ 7 માલમ મોટા હલેસાં તુ માર

- માલમ લોકગીત એટલું સુંદર છે કે એજ ગીત સમૂહમાં તૈયાર કરાવવું. એના જેવા અન્ય લોકગીતો પણ કરાવી શકાય.

## એકમ 8 વતનની વહેલમાં

### ❖ ગીત ❖

આ દુનિયામાં સૌથી સારો
ભારત મારો દેશ!
ધર્મ બોલી ભલે જુદા હો,
ભલે જુદા હો વેશ
આ ભારત મારો દેશ!

એ અમારો બાગ ખીલેલો
અમે બધાં સૌ પંખી
એને જગમાં મોટો કરવા
અમે રહ્યાં સૌ ઝંખી
કદી ન ઝૂક્યા, કદી ન ઝૂકશું,
કદી ન કરશું કલેશ!
આ ભારત મારો દેશ.
ગંગા-જમના માત અમારી પિતા
હિમાલય પ્યારો!
રક્ષા કરે છે સદા અમારી
પહેરેગીર થઈ સારો!
હિંદી, અરબી, બંગ, ઘૂઘવતા
કૃપા કરે પરમેશ!
આ ભારત મારો દેશ!
હર્યા ભર્યા મેદાનો અહિંયાં
લહેરાતાં છે ખેતર!
વાઘ, વરુ, સિંહ, સાબર વસતાં
ઊડે બુલબુલ તેતર!
દેવો જન્મ લેવા ઇચ્છે નિત
એવો આ છે દેશ!
આ ભારત મારો દેશ!




| ધોરણ 7 | સામાજિક વિજ્ઞાન |
|---|---|
| એકમ 1 | બે મહારાજ્યો |

- એકપાત્રીય અભિનય - હર્ષવર્ધન

પુસ્તકમાં આપેલ હર્ષવર્ધનની માહિતી અનુરૂપ વેશભૂષા કરી અને સંવાદ કરવા.

| એકમ 2 | પૃથ્વી ફરે છે. |
|---|---|

### ❖ પાત્ર પરિચય ❖

1. પૃથ્વી - વિદ્યાર્થી પૃથ્વી બનશે.
2. ચંદ્ર - વિદ્યાર્થી ચંદ્ર બનશે.
3. સૂર્ય - વિદ્યાર્થી સૂર્ય બનશે.

- દરેક વિદ્યાર્થી પોતાના પાત્ર અનુસાર પોતાનો પરિચય, કાર્યો અને ઉપયોગીપણાની માહિતી આપશે.

| એકમ 3 | સરકાર |
|---|---|

- મોક પાર્લામેન્ટ, નાટયીકરણ કરીને બાળકો પાસે કરાવવું.

| એકમ 4 | રાજપૂત યુગ |
|---|---|

### ❖ ગીત ❖

આભમાં ઊગેલ ચાંદલો ને જીજીબાઈને આવ્યાં બાળ,

બાલુડાને માત હિંચોળે :

ઘણણણ ડુંગરા બોલે!

શિવાજીને નીંદરું ના’વે :

માતા જીજીબાઈ ઝુલાવે

લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસર આડ્ય-

તે દી તો સિંદોરિયા થાપા

છાતી માથે ઝીલવા, બાપા! શિવાજીને...

ઘૂઘરા, ધાવણી, પોપટ, લાકડી ફેરવી લેજો આજ..

તે દી તો હાથ રે'વાની

રાતી બંબોળ ભવાની...શિવાજીને



# 7 રાજ્યની શાસનવ્યવસ્થા

## ❖ નાટ્યીકરણ ❖

વિદ્યાર્થીઓ નીચેના પાત્ર બની નાટક રજૂ કરશે.

- મુખ્યમંત્રી
- રાજ્યપાલ
- શિક્ષણમંત્રી
- ગૃહમંત્રી
- બાંધકામ શાખા મંત્રી
- આરોગ્ય મંત્રી

પોતાના કાર્યો વિશેની માહિતી આપી એકપાત્રીય અભિનય પણ કરાવી શકાય.

## ❖ નાટક ❖

- ગ્રામ લેવલે સરપંચ તેમજ વિવિધ સભ્યો બનાવી તેમનાં કાર્યો વિશેનું પણ નાટક કરાવી શકાય.
- યોગ્ય વેશભૂષા કરાવવી.

**ધોરણ-7** | # हिन्दी

**એકમ-1** | ## कुत्ते की वफादारी

- नौटंकी
- छात्र–कुत्ता बनता है, दूसरा छात्र शेठ बनता है और एक मालिक बनता है । दी गई कहानी को ध्यान में रखकर नौटंकी की जा सकती है ।

**એકમ-2** | ## कथनी और करनी

- नौटंकी
- पात्र परिचय
- छात्र–१ – बाग बनता है ।
- छात्र–२ – रेल्वे स्टेशन बनता है ।
- छात्र–३ – बस बनता है ।
- छात्र–४ – बैंक बनता है ।

अपना अपना परिचय देते हुए जनता से उनको कैसे नुकसान होता है वह बात बताते है, वो कैसे जनता के लिए उपयोगी है वह बात बताते है ।

## એકમ-3 हिन्द देश के निवासी...

### गीत



सारे जहाँ से अच्छा हिन्दुस्तां हमारा ।
हम बुलबुले है उसकी, वह गुलिस्तां हमारा ॥
गुरबत में हो अगर हम, रहता है दिल वतन में ।
समजो वहीं हमें भी, दिल हो जहाँ हमारा ॥
परबत वह सबसे उँचा, हमसोंया आसमाका ।
वह संतरी हमारा, वह पासबां हमारा ॥
गोदी में खेलती है, जिसके हजारों नदियाँ
गुलशन है जिनके दमसे, रश्के-जिनां हमारा
है आबे-रुदं-गंगा, वह दिन है याद तुज को ।
उतरा तेरे किनारे, जब कार्वा हमारा ॥
मजहब नहीं सीखाता आपस में बैर रखना ।
हिन्दी है हम, वतन है हिन्दोस्तां हमारा ॥

## એકમ-4 विक्रम साराभाई

### एकपात्रीय अभिनय

छात्र को विक्रम साराभाई की जानकारी देनी होंगी और वो मुक्तमन और छटा से अभिनय के साथ विक्रम साराभाई से संबंधी सभी जानकारी देगा ।

## એકમ-5 दोहा-अष्टक

- साँई इतना दीजिए, जामें कुटुम समाय ।
  मैंभी भूखा ना रहूं, साधु न भूखा जाए ॥
- कबीर कुआ एक है, पनिहारी अनेक ।
  बरतन सबके भिन्न भिन्न, पानी सबमें एक ॥
- ऐसी बानी बोलिए, मन का आपा खोय ।
  औरन को शीतल करे, आप हुँ शीतल होय ॥
- तुलसी ईस संसारमें, भाँति-भाँति के लोग ।
  सबसे हिलमिल चालिए, नदी-नाँव संजोग ॥

| Std-7 | ENGLISH |
|---|---|

## Unit 1

### ✤ Song ✤



If I miss the bicycle I am on
You will know that I am gone
I can hear the big bell rings
trin...trin...trin..trin
Lord I am one, Lord I am two,
Lord I am three, Lord I am four,
Lord I am five hundred miles away from bicycle

## Unit 2 — The dark house

Replace the word 'dark' with the word 'big' small and create a new poem

### ✤ Poem ✤

In the big, big wood, there was
A big, big house
And in that big, big house, there was
A big, big room

## Unit 3 — Drama

- Drama of Marriage

## Unit 4 — Mimne

- We can do silently acting of our servants and children will recognise it.
- like : Policeman, Postman, doctors, nurse, teachers

| | |
|---|---|
| **ધોરણ 7** | **વિજ્ઞાન અને ટેકનોલોજી** |
| **એકમ 1** | **ચુંબકના ગુણધર્મો** |

### ❖ નાટક ❖

- એક વિદ્યાર્થી ચુંબક બનશે
- બીજો વિદ્યાર્થી લોખંડ, ત્રીજો પિત્તળ એમ વિવિધ ધાતું જેવા કે ચાંદી, સોનું, લાકડું વગેરે બનાવી, ધ્રુવ વિશેની માહિતી આકર્ષણ- અપાકર્ષણ વિશે પણ નાટ્યીકરણ થશે.

| | |
|---|---|
| **એકમ 2** | **આહારના ઘટકો** |

### ❖ ગીત ❖

જય જય હો વિટામિન સી..
લીંબુ, લીંબુ, લીબુ, પાકુ તો પીળું પીળું, પાયોરિયાને હું મટાડું
ગડબડ ગૅસ ઉદરથી ભગાડુ, દાળ-શાકમાં સ્વાદ લાવું,
દુ:ખ હજારને હું હટાવું, હું છું ઘણું ઉપયોગી...
ચાહે રોગી હો કે નીરોગી..
જય જય હો વિટામિન સી...
હું તાજી તાજી લીલી, હું દુ:ખિયાની છું બેલી,
જે ખાય મને કોઈ પાજી, તો થઈ જાય મોટો કાજી,
જેની તબિયતની તારાજી, દશ દિવસમાં થાય સાજી
જય જય હો વિટામિન સી..

| | |
|---|---|
| **એકમ 3** | **વનસ્પતિના અંગો** |

### ❖ ગીત ❖

ધરતીના જીવોનો આધાર ઝાડદાદા
આપના ઉપકારો ભારોભાર ઝાડદાદા ... ધરતી
શ્વોસોચ્છ્વાસે પાંદડાથી ફુવારો છંટાય છે,

હવા તાજી ચોખ્ખી થઈને, ઠંડી થઈ જાય છે,
વાદળ ખેંચી, વરસાવો વરસાદ ઝાડદાદા...ધરતી
પ્રાણવાયુ છૂટો પાડો, સૂરજના પ્રકાશથી
અંગારવાયુ ચૂસી કાઢો સૂરજના સહકારથી
જાત માટે રાંધો છો ખોરાક ઝાડદાદા..ધરતી
બળતણ માટે આપો તમે, કોલસાને લાકડાં,
માળા કે ઘર બાંધવાને, આપો તમે લાકડાં,
ખોરાક માટે ફળ ને સરસામાન ઝાડદાદા...ધરતી
છાયાને વિસામો આપો, ધોમ ધખતા તાપમાં,
પથ્થર મારે તેને આપો ફળ તમે હાથમાં
છો ઘણા ઉપકારીને ઉદાર ઝાડદાદા



## એકમ 8 પાચનતંત્ર, શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર

### ❖ ગીત ❖

રાગ : સાવન કા મહિના

પાચનતંત્રની રચના કહું છું તે સુણજો યાર..
પચતાં ભાઈઓ બે'નો નહિ લાગે ઝાઝી વાર..
કોળિયો જ્યાં મૂક્યો મુખમાં, દળાતો એ દાઢથી,
મુલાયમ બનવા એ તો, ભીંજાતો લાળથી,

સાકળિયા તત્ત્વો ઓગાળી, એક રસ થઈ જાય.. પચતાં...

અન્નનળીમાં થઈને પહોંચે જઠરમાં,

આડા ઊભા-ત્રાંસા સ્નાયુ વલોવી'દે પેટમાં,

જઠર રસ ભળવાથી ખાટો ખાટો એ થઈ જાય... પચતાં...

કઠણ ના પચેલો તે તો બની જાય કચરો,

મોટા આંતરડે આવે, નકામો એ કચરો,

રોજ સવારે કચરાપેટી સાફ-સૂફ થઈ જાય.. પચતાં...



## ❁ ગીત ❁

**રાગ : સાવન કા મહિના**

રુધિરાભિસરણની, હું વાત કરું છું યાર...

ભણતાં ભાઈઓ, બે'નો નહિ લાગે ઝાઝી વાર... રુધિરા...

મુષ્ટિકાના કદસમુ, હૃદય છે આપણું,

ઊભા એક પડદેથી, બન્યું ડાબું-જમણું...

ઉપર કર્ણક, નીચે ક્ષેપક, ભાગ પડ્યા છે ચાર... ભણતાં...

શિરા શ્યામ લોહી લાવે, જમણા કર્ણકમાં

ત્રિદલ વાલ્વ ખોલી, આવે ક્ષેપકમાં

ફુપ્ફુસ ધમની અર્ધા ચાંદા જેવું ખોલે દ્વાર... ભણતાં...

લોહી આવે ફેફસાંમાં, મળે પ્રાણવાયુ,

શુદ્ધ બનીને એ તો થાય રાતું રાતું

વાયુ કોષો શોધી કાઢે બહાર એ અંગાર... ભણતાં...



નળીઓમાં લોહી ચાલે, લબ્ડબ્ તાલમાં,

ઝીણી ઝીણી ધમની લોહી, વહેંચે શરીરમાં,

શરીરમાંથી અશુદ્ધ થઈને, જેમણે કર્ણક જાય... ભણતાં...

# ધોરણ 7 (ગાયન)

- **સ્વરોનાં નામ શીખવવાં.**

સા - ષડજ

રે - રીષભ

ગ - ગાંધાર

મ - મધ્યમ

પ - પંચમ

ધ - ધૈવત

ની - નિષાદ

- **સપ્તક એટલે શું ?**

સાત સ્વરોના સમૂહને સપ્તક કહેવાય છે.

- **સપ્તકમાં પ્રકાર કેટલા ? કયા કયા ?**

સપ્તકમાં ત્રણ પ્રકાર છે :

1. મંદ્ર સપ્તક
2. મધ્ય સપ્તક
3. તાર સપ્તક

## સ્વરો અને તેના પ્રકાર

- **વાદી સ્વર** - રાગમાં વપરાતાં મુખ્ય સ્વરને વાદી સ્વર કહે છે. વાદી સ્વરને રાગનો 'રાજા' પણ કહેવાય છે.
- **સંવાદી સ્વર** - રાગમાં આવતાં વાદી સ્વર પછીનાં સૌથી ઉપયોગી સ્વરને સંવાદી સ્વર કહે છે.
- **વર્જિત સ્વર** - જે સ્વર રાગમાં આવતાં જ નથી તેને વર્જીત સ્વર કહે છે.
- **વિવાદી સ્વર** - રાગમાં વર્જિત હોય છતાં પણ જો તે સ્વરને રાગમાં લેવામાં આવે જેનાથી રાગની રંજકતામાં વધારો થાય તો તેવા સ્વરોને વિવાદી સ્વર કહે છે.

- **અનુવાદી સ્વર** - વાદી તથા સંવાદી સ્વર સિવાયનાં રાગમાં વપરાતાં સ્વરોને અનુવાદી સ્વર કહેવાય.

## રાગ - ભૂપાલી

- **વાદી સ્વર** - ગાંધાર
- **સંવાદી સ્વર** - ધૈવત
- **વર્જિત સ્વર** - મધ્યમ અને નિષાદ
- **ગાવાનો સમય** - રાત્રિનો પ્રથમ પ્રહર (સાંજે 7થી 10)
- **થાટ** - કલ્યાણ

### (સ્થાયી)

| x | | | | 2 | | | | 0 | | | | 3 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| | | | | | | | | પધ | સાં | ધ | પ | ગ | રે | સા | રે |
| ધ઼ | ધ઼ | ધ઼ | સા | સા | રે | ગ | ગ | રે | રે | ગ | ગ | પ | પ | ધ | ધ |
| પ | પ | રે | ગ | રે | રે | સા | સા | સારે | સારે | ગ | ગ | રેગ | રેગ | પ | પ |
| ગપ | ગપ | ધ | ધ | પધ | પધ | સાં | સાં | | | | | | | | |

### (અંતરા)

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ગ | ગ | ગ | ગ | પ | પ | સાં | ધ |
| સાં | સાં | સાં | સાં | સાં | રેં | સાં | સાં | ધ | ધ | ધ | ધ | સાં | સાં | રેં | રેં |
| સાં | રેં | ગં | રેં | ગેં | રેં | સાં | સાં | ગં | ગં | ગરેં | સાંધ | રેં | રેં | રેંસાં | ધપ |
| સાં | સાં | સાંધ | પગ | ધ | ધ | ધપ | ગરે | પ | પ | પગ | રેસા | ગ | ગ | ગરે | સાધ |
| ધ | ધ | પ | પ | ગ | રે | સા | સા | | | | | | | | |

# રાગ : ભૂપાલી

## મધ્યલય

### સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | સાં | ધ | પ | ગ | રે | સા | રે | ગ | રે | પ | ગ | ધ | પ | ગ | - |
| વં | દ | ન | ક | રુ | પ્ર | થ | મ | દે | વ | લા | ગુ | ચ | ર | ણા | - |
| ગ | - | પ | ધ | સાં | રેં | સાં | ધ | સાં | પ | ધ | પ | ગ | રે | સા | - |
| શ્રી | - | હ | રી | પ્રે | મે | પુ | જુ | આ | વુ | તુ | જ | ચ | ર | ણા | - |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ગ | પ | ધ | સાં | ધ | સાં | - | સાં | ધ | સાં | રેં | ગં | રેં | સાં | ધ |
| નિ | રં | જ | ન | નિ | રા | કા | ર | પ્ર | ભુ | ત | મે | છો | ઉ | દા | ર |
| ગં | ગં | રેં | સાં | રેં | રેં | સાં | ધ | સાં | પ | ધ | પ | ગ | રે | સા | - |
| આ | પો | સુ | ખ | કા | પો | દુઃ | ખ | મો | ક્ષ | રં | પી | ચ | ર | ણા | - |
| ટ | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

- ઉપરોક્ત રાગ - ભૂપાલીની સ્વરમાલિકા શીખવતા પહેલા તેના આરોહ, અવરોહ અને પકડ ખાસ શીખવવા
- **આરોહ** - સા રે ગ પ ધ સાં
- **અવરોહ** - સાં ધ પ ગ રે સા
- **પકડ** - સારેગ, પગ ધપગ રેગરેસા

**પકડ** - ઓછામાં ઓછા સ્વરો દ્વારા રાગની ઓળખ થાય તેવા સ્વરોના સમૂહને પકડ કહેવાય છે.

## (વાદન વિભાગ)

- **ઠાય** - તાલની મૂળ લયને ઠાય કહેવાય છે.
- **દુગુન** - મૂળ લય કરતાં બે ગણી લયને દુગુન કહેવાય છે.
- **ચોગુન** - મૂળ લય કરતાં ચાર ગણી લયને અથવા દુગુન કરતાં બમણી લયને ચોગુન કહે છે.

- **તાલી** - તાળી આપીને તાલ બોલતી વખતે જે સ્થાન પર તાળી આપવામાં આવે તેને તાલી અથવા ભરી કહેવાય છે. તાલમાં સમ પછી સૌથી વધુ ભાર તાલી પર આવે છે.
- **ખાલી** - તાળી આપીને તાલ બોલતી વખતે જે સ્થાન પર હાથથી ખાલીનો ઈશારો આવે તેને ખાલી કહે છે.
- **ખંડ** - તાલમાં માત્રા, તાલી અને ખાલીને ધ્યાનમાં રાખી વિભાગ પાડવામાં આવે છે. આ વિભાગને ખંડ કહેવાય છે.

## (ક્રિયાત્મક)

- નીચેના બોલ તબલાં પર વગાડતાં શીખવીએ.

તા, તીં, તિરકીટ, તેટે, ગી, ક

## તાલ - ત્રિતાલ (તીનતાલ)

**માત્રા** - 16

**તાલી** - 1, 5, 13

**ખાલી** - 9

**ખંડ** - 4 (4 + 4 + 4 + 4)

**બાજ** - બંધ

**વાદ્ય** - તબલાં

**ગાયકી** - ખયાલ

### ઠેકો

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા |
| x | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

## તાલ - કહેરવા

**માત્રા** - 4

**તાલી** - 1

**ખાલી** - 3

**ખંડ** - (2 + 2)

**બાજ** - બંધ

**વાદ્ય** - તબલાં

**ગાયકી** - હળવું કંઠ્ય સંગીત

| | | | | |
|---|---|---|---|---|
| **માત્રા** | 1 | 2 | 3 | 4 |
| **બોલ** | ધાગી | નતિ | નક | ધીન |
| **ચિન્હ** | x | | 0 | |

# દ્વિતીય સત્ર

## માસવાર આયોજન

### વિષય : સંગીત (દ્વિતીય સત્ર) – ધોરણ 7

| ક્રમ | માસ | તાસ | સમય | વિષયવસ્તુ |
|---|---|---|---|---|
| 1. | નવેમ્બર | 1 | 35 મિનિટ | ગીત - ભૂલો ભલે બીજું બધું<br>ભજન - વૈષ્ણવ જન તો તેને.... |
| | | 2 | ” | प्रार्थना - अय मालिक तेरे बंदे... |
| 2. | ડિસેમ્બર | 3 | ” | ગુજરાત ગૌરવ - ગુણવંતી ગુજરાત<br>गीत - धन्य धन्य है... |
| | | 4 | ” | – આવો અવધપુરીના રામ !<br>– साथी हाथ बढाना |
| | | 5 | ” | – ગીત - અમે તો સૂરજના છડીદાર<br>– સુભાષિત |
| 3. | જાન્યુઆરી | 6 | ” | – દેશભક્તિગીતો |
| | | 7 | ” | – सच्चा वीर बना दे... |
| | | 8 | ” | – ગીત- નાનકડું ગાંડીવ લઈ |
| 4. | ફેબ્રુઆરી | 9 | ” | – ગીત - હું ને ચંદુ છાનામાના...<br>– કાવ્યગાન |
| | | 10 | ” | – नानी तेरी मोरनी को...<br>– लंबी दाढी वाला |
| | | 11 | ” | – पहेलियाँ<br>– ભજન - મારે હરિ ભજવાનું ટાણું |
| 5. | માર્ચ | 12 | ” | – હોળીગીતો |
| | | 13 | ” | – તાલ- એકતાલ, ઝપતાલ<br>– ભજન - ગઢને હોંકારો - મીરાંબાઈ |
| | | 14 | ” | ભૂપાલી (સ્વરાલંકાર) |

| ધોરણ 7 | ગુજરાતી |
|---|---|
| એકમ 11 | જનની |

## 1

ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એનાં, એહ વિસરશો નહિ.
પથ્થર પૂજ્યા, પૃથ્વી તણા ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનના કાળજા, પથ્થર બની છૂંદશો નહિ.
કાઢી મુખેથી કોળિયા, મોંમાં દઈ મોટાં કર્યા,
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ.
લાખો લડાવ્યા લાડ તમને કોડ સહુ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે, મા-બાપ જેના ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.
સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો.
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઈ પોતે અને, સૂકે સુવાડ્યા આપને,
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો બિછાવ્યા પ્રેમથી જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.
ધન ખરચતાં મળશે બધું, માતાપિતા મળશે નહિ.
પળપળ પુનિત એ ચરણોની સેવા કદી ચૂકશો નહિ.



## 2

વૈષ્ણવજન તો તેને કહીએ,

જે પીડ પરાઈ જાણે રે,

પર દુઃખે ઉપકાર કરે તોયે,

મન અભિમાન ન આણે રે,

સકલ લોકમાં સહુને વંદે,

નિન્દા ન કરે કેની રે,

વાચ, કાછ, મન નિશ્ચલ રાખે,

ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,

પરસ્ત્રી જેને માત રે,

જિહ્વા થકી અસત્ય ન બોલે,

પરધન નવ ઝાલે હાથ રે.

મોહમાયા વ્યાપે નહીં જેને,

દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,

રામનામ શું તાળી રે લાગી,

સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે,

કામક્રોધ નિવાર્યા રે,

ભણે નરસૈંયો તેનું દરશન કરતાં

કુળ ઈકોતેર તાર્યા રે.



# એકમ 13 ભમીએ ગુજરાતે : દક્ષિણ ભણી

ગુણવંતી ગુજરાત ! અમારી ગુણવંતી ગુજરાત !
નમીએ નમીએ માત ! અમારી ગુણવંતી ગુજરાત !
અમારી ગુણવંતી

મોંઘેરા તુજ મલિમંડપમાં આ ઝૂલી રહ્યાં અમ શીશ,
માત મીઠી ! તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ !
અમારી ગુણવંતી...

મીઠી મનોહર વાડી આ તારી નંદનવન શી અમોલ,
રસફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત કલ્લોલ !
અમારી ગુણવંતી...

સંતમહંત અનંત વીરોની વહાલી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત !
અમારી ગુણવંતી...

ઊંજા ઘોર અરણ્ય વિશે કે સુંદર ઉપવનમાંહ્ય,
દેશવિદેશ અહોનિશ અંતર એક જ તારી છાંય !
અમારી ગુણવંતી...

સર-સરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપૂર,
પુણ્ય ભૂમિ ફળફૂલ ઝઝૂમી માત રમે અમ ઉર !
અમારી ગુણવંતી...

હિન્દુ, મુસ્લિમ, પારસી સર્વે માત ! અમે તુજ બાળ,
અંગ ઉમંગ ભરી નવરંગે કરીએ સેવા સહુ કાળ !
અમારી ગુણવંતી...

ઉર પ્રભાત સમાં અજવાળી ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો કરીએ જયજયકાર !
અમારી ગુણવંતી...

# એકમ 15 ગ્રામમાતા

મંદાક્રાન્તા

તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો,
છૂટ્યો તે, ને અરરર પડી ફાળ હૈયા મહીં તો.
રે રે ! લાગ્યો દિલ પર, અને શ્વાસ રૂંધાઈ જાતા,
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતામાં
મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મારા જ થી આ,
પાણી છાંટ્યું દિલ ધડકતે, તોય ઊડી શક્યું ના
ક્યાંથી ઊઠે ? જખમ દિલનો કર હસ્તે કરેલો,
ક્યાંથી ઊઠે ? હૃદય કુમળું છેક તેનું અહોહો.
આહા ! જો, જો કળ ઊતરીને આંખ તો ઊઘડી એ,
મૃત્યુ થાશે, જીવ ઊગરશે, કોણ જાણી શકે એ ?
જીવ્યું આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફળને ચાખવાને ફરીને
રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને,
રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘાને વીસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.



– કવિશ્રી કલાપી

## એકમ 17

# જીવરામ ભટ્ટ

### 1



આવો અવધપુરીના રામ !
આવો ગોકુલના ઘનશ્યામ !
લોભતણી લંકા સળગાવો,
હું પદ રાવણ દૂર હઠાવો,
રહે નવ દાનવ નામ...આવો...
ગર્વતણો ગિરિવર ઊઠાવો,
કુળ કંસનો વંશ ઊડાવો,
સ્વારથ રથ ભાંગો શ્યામ...આવો...
સાદ કર્યા તોય શીદ સતાવો ?
યાદ કર્યા તો દયા બતાવો,
સૂનાં અમ અંતરધામ...આવો...



### 2

જીવ શાને ફરે છે ગુમાનમાં
તારે રહેવું ભાડાના મકાનમાં
રોજ મહાલે છે એશ આરામમાં
તારે રહેવું ભાડાના મકાનમાં
જાણે મારું મકાન કર્યું રંગને રોગાન
જાણે કાયમ લીધું છે વેચાણમાં
તારે રહેવું ભાડાના મકાનમાં
રાખે એવો રુઆબ જાણે મોટો નવાબ
કાલ આવીને કહેશે તારા કાનમાં
તારે રહેવું....
લેશે ઝઘડા ઝીલી કરો પળમાં ખાલી
તારું ડહાપણ નહીં આવે તારા કામમાં
તારે રહેવું...



થશે હુકમનામુ નહિ ચાલે બહાનું
તને સંતો ચેતવે છે શાનમાં
તારે રહેવું...

## એકમ 18 સોના જેવી સવાર

અમે તો સૂરજના છડીદાર
અમે તો પ્રભાતના પોકાર !...અમે
સૂરજ આવશે સાત ઘોડલે
અરુણ રથ વ્હાનાર !
આગ ચાલે બંદી વાંકો , પ્રકાશ ગીત ગાનાર ! ...અમે
નીંદરને પારણીએ ઝૂલે, ધરા પડી સૂનકાર !
ચાર દિશાના કાન ગજાવી, જગને જગાડનાર ! ...અમે
પ્રભાતના એ પ્રથમ પહોરમાં, ગાન અમે ગાનાર !
ઊંઘ ભરેલાં સર્વ પોપચે, જાગૃતિ રસ પાનાર ! ...અમે
જાગો, ઊઠો ભોર થઈ છે, શૂરા બનો તૈયાર !
સંજીવનો મંત્ર અમારો, સકલ વેદનો સાર !...અમે



## એકમ 20 સુભાષિતો

1. ત્યાગ ન ટકે રે વૈરાગ વિના કરીએ કોટિ ઉપાયજી,
   અંતર ઊંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાયજી ?
2. કામ-ક્રોધ-લોભ-મોહનું, જ્યાં લગી મૂળ ન જાયજી,
   સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાયજી.
3. વેશ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂરજી,
   ઉપર વેષ આછો બન્યો, માહીં મોહ ભરપૂરજી.

4. દુનિયા બોલે એને બોલવા દઈએ, આપણે હરિ ભજનમાં રહીએ
હંસલો બગલો એક જ રંગનાં, એમાં હંસલો કોને કહીએ?
5. કોયલપણું જો જાણીએ તો, મીઠાં બોલા થઈએ.. આપણે
જગત, ભગત બેઉ એક જ રંગના, એમાં ભગત કોને કહીએ?

## એકમ 2 | એક જ લક્ષ્ય

નાનકડું ગાંડીવ લઈ હું
નાનકડો અર્જુન બનું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું (2)
રથમાં બેસું હું લડવૈયો
સારથિ મારો કૃષ્ણ કનૈયો
આસુરી વૃત્તિને મારી સદવૃત્તિ સંસાર કરું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું
વીંખી નાખું વિકૃતિને
શણગારું હું સંસ્કૃતિને
મારનાર ના મુજને કોઈ
એવો હું પડકાર કરું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું (2)
કામ કરું પણ ફળ ના માંગુ
પરમેશ્વરને પ્યારો લાગું
સૂતા-ઊઠતાં ખાતાં-પીતા
યોગેશ્વરને યાદ કરું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું (2)



# એકમ 5 ગોવિંદના ગુણ ગાશું

(1) હે જી મારે હરિ ભજવાનું ટાણું.
  મારા નાથ તમે નિરધનીયાનું નાણું
કુંવરબાઈનું મોસાળું કરવાને
  નરસૈયા પાસે નહોતું નાણું
મામેરું લઈને મારા નાથ પધાર્યા,
  સાચવ્યું હતું એ ટાણું...મારા...
મીરાંબાઈ ઉપર જ્યારે મહેર કરી ત્યારે
  ઝેર આવું ઝાઝું પીવાણું,
ઝેરના રે વા'લે અમૃત કીધાં
  જગમાં એવું રે કહેવાણું...મારા...
હરિ ગુરુ ચરણે કહે છે આ લાખો,
  આખી ઉંમરમાં જણાણું.
ભક્તોના ઉપર મહેર કરીને
  અખૂટ હીરાના મારે ખાણું...મારા...



(2) ગઢને હોંકારો તો કાંગરાએ દેશે ને,
  કાંગરે હોંકારો કોણ દેશે
રાણાજી તને ઉંબરે હોંકારો કોણ દેશે.
  દૂરદૂરથી એને આવ્યાં છે કહેણ હવે...
વાલમ શું નેણ મીરાં જોડશે
  રાણાજી હવે તારો રે મેવાડ મીરાં છોડશે
આઠે અકબંધ તારા ભીડ્યા દરવાજા ને,
  ફૂલ જેમ ખૂલશે કમાડ
વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી
  ધૂળમાંહી ઊડતો મેવાડ...
મીરાં વિનાનું સુખ ઘેરી વળશે ને પછી...
  રૂએ રૂએ તે તને કોરશે...રાણાજી હવે.
પાદરેથી રસ્તાઓ પાછા વળશે ને લઈ,
  લેણ દેણ ચૂક્યાનો સૂર...
ડમરી જેવું તે કાંઈ ચડતું દેખાશે પછી,
  મીરાં વિખરાયાની ધૂળ...
કિનખાબી પહેરવેશ કોરે મૂકીને મીરાં,
  કાળો મલીન એક ઓઢશે...રાણાજી હવે.

— મીરાંબાઈ



# बेटी



मम्मी मुझे छोटी-सी गुड़िया दिला दे, (२)
गुडिया से खेलूँगी ।
मम्मी मुझे...

मम्मी मुझे छोटा-सा टोपा मँगवा दे,
गुडिया से खेलूँगी, टोपा मै पहनूँगी ।
मम्मी मुझे...

मम्मी मुझे छोटा-सा ढोलक मँगवा दे,
गुडिया से खेलूँगी, टोपा मै पहनूँगी,
ढोलक बजाउँगी,
मम्मी मुझे...



मम्मी मुझे छोटा सा घोडा मँगवा दे,
गुडिया से खेलूँगी, टोपा मै पहनूँगी
ढोलक बजाउँगी, घोडे पे बैठूँगी।
मम्मी मुझे...

मम्मी मुझे छोटी-सी बंदूक दिला दे,
गुडिया से खेलूँगी, टोपा मै पहनूँगी,
ढोलक बजाउँगी, घोडे पे बैठूँगी,
बंदूक चलाउँगी, सररर....
मम्मी मुझे...

## એકમ 10

# हम भी बने महान

हो जाओ तैयार साथियों
    हो जाओ तैयार
अर्पित कर दो तन, मन, धन
    माँग रहा बलिदान वतन
अगर देश के काम न आये
    तो जीवन बेकार...
तो जीवन बेकार साथियों तो जीवन बेकार...हो...
सोचने का समय गया,
उठो लिखो इतिहास नया
पंचरंगी क्रान्ति से दे दो
दुनिया को जवाब..
दुनिया को जवाब दुनिया को जवाब...हो...
तुफानी गति रुके नहि,
शीश कटे पर झुके नहि
उठे हुए माथे के आगे
ठहर न पाती हार...
ठहर न पाती हार साथियों ठहर न पाती हार...हो...
काँप उठे धरती अंबर
और उठाओ उँचा सर,
कोटि-कोटि कंठो से गुंजे भारत की जयकार..
भारत की जयकार साथियों भारत की जयकार...हो जाओ...



સાભાર
– અર્ચના

# એકમ 11 सच्चा हीरा

अय मालिक तेरे बंदे हम, ऐसे हो हमारे करम,
नेकी पर चले और बदी से टले, ताकि हँसते हुए निकले दम।

अय मालिक...

ये अंधेरा घना छा रहा, तेरा इन्सान घबरा रहा,
हो रहा बेखबर, कुछ न आता नजर, सुख का सूरज छिपा जा रहा।

है तेरी रोशनी में जो दम
तु अमावस को करदे पूनम
नेकी पर चले और बदी से टले
ताकि हँसते हुए निकले दम
अय मालिक...

बड़ा कमजोर है आदमी, अभी लाखो है इसमें कमी,
पर तू जो खडा, है दयालु बडा, तेरी किरपा से धरती थमी।

दिया तूने हमें जब जनम
तू ही झेलेगा हम सबके गम
नेकी पर चले और बदी से टले, ताकि हँसते हुए निकले दम।
अय मालिक...

जब जुल्मों का हो सामना, तब तू ही हमें थामना,
वो बुराई करे हम भलाई करे, नहीं बदले की हो कामना।

बढ़ उठे प्यार का हर कदम
और मिटे बैर का ये भरम
नेकी पर चले और बदी से टले ताकि हँसते हुए निकले दम।
अय मालिक....

## એકમ 12

# देश के नाम संदेश

धन्य धन्य है, धन्य धन्य है, भारत भू की धूल,
यह भारत भू की धूल।

इसी धूल में खेल-खेलकर हुए थे वीर महान,
इसी धूल में खेल बने थे राम-कृष्ण भगवान,
मल-मल कर मस्तक पर इसको पाया रुप अनूप।
यह भारत भू की धूल...



स्वर्ग के रहनेवाले इसमें खेलन को ललचाते,
तीन लोक में इसकी महिमा के गुण गाये जाते,
पाकर इसको स्वर्गलोक के सब सुख जाते भूल।
यह भारत भू की धूल...

एक-एक कण इस धूलि का है अपने को प्यारा,
एक-एक कण इस धूलि का है नयनों का तारा,
मिट जाये वह और जियें हम वह ना होगी भूल।
यह भारत भू की धूल...

मिल-झुलकर नित शाम-सबेरे हम इसके गुण गाते,
और प्रेम के अमर सूत्र में है हम बंधते जाते,
इसी धूल में हमें हमारे सब दु:ख जाते भूल।
यह भारत भू की धूल...

## એકમ 13 धरती की शान

साथी हाथ बढाना, साथी हाथ बढाना
एक अकेला थक जायेगा, मिलकर बोझ उठाना, साथी हाथ बढाना।

हम महेनतवालों ने जब भी मिलकर कदम बढाया,
सागर ने रस्ता छोडा, पर्वत ने शीश झुकाया,
फौलादी है सीने अपने, फौलादी है बाँहे, (२)
हम चाहे तो पैदा कर दे चट्टानों में राहे...(२) साथी

महेनत अपने लेखकी रेखा, महेनत से क्या डरना।
कल गैरों की खातिर की, आज अपनी खातिर करना।
अपना दुःख भी एक है साथी, अपना सुख भी एक (२)
अपनी मंझिल सच की मंझिल, अपना रस्ता नेक...(२) साथी

एक से एक मिले तो कतरा, बन जाता है दरिया,
एक से एक मिले तो जर्रा, बन जाता है सहरा,
एक से एक मिले तो राइ बन सकती है पर्वत...(२)
एक से एक मिले तो इन्सा बस में कर ले किस्मत...(२)

साथी...

## એકમ 14 मालवजी फौज़दार

सच्चा वीर बना दे माँ, सच्चा वीर बना दे..
ध्रुव जैसी मुझे भक्ति दे दे अर्जुन जैसी शक्ति दे दे
गीता ज्ञान सुना दे माँ सच्चा वीर बना दे माँ...
गुरु गोविंद सा त्यागी बना दे शिवाजी जैसी आग लगा दे
हाथ तलवार थमा दे माँ सच्चा वीर बना दे माँ...
वीर हकीकत मै बन जाउ धर्म पे अपना शीश कटाउ
ऐसी लगन लगा दे माँ सच्चा वीर बना दे माँ...
केशव-सा ध्येयनिष्ठ बना दे, माधव-सा मुझे ज्ञान करा दे
जीवन देश पे हो बलि माँ सच्चा वीर बना दे माँ...



## એકમ 15

## बढ़े कहानी

नानी तेरी मोरनी को मोर ले गए,
बाकी जो बचा था काले चोर ले गए
खाके-पीके मोटे होके चोर बैठे रेल में
चोरोंवाला डिब्बा कटके पहोंचा सीधा जेल में
नानी तेरी...

उन चोरों की खूब खबर ली मोटे थानेदार ने
चोरों को भी खूब नचाया जंगल के सरदार ने
नानी तेरी...

अच्छी नानी प्यारी नानी रुसा-रुसी छोड दे
जल्दी से एक पैसा दे दे तु कंजूसी छोड दे
नानी तेरी....



## એકમ 16

## मुस्कान के मोती

लंबी दाढीवाला बोना
देखो टीक टीक टीक टीक चलता है
वो साइकल भी चलाता है
वो स्कूटर भी चलाता है।

छोटी-छोटी टांगवाला बोना
वो टप टप टप कूदता है
वो कम्प्यूटर भी चलाता है
वो मोबाईल पे बाते भी करता है।

मोटी-सी तोंदवाला बोना
वो गोल-गोल नाचे लुडकता है
वो हवा में पतंग भी उडाता है
वो हाथ में लट्टू भी घुमाता है।

लंबी दाढीवाला बोना...

# એકમ 18 अंदाज अपना अपना

बिन बोले कह जाती है, दिल की सौ सौ बाते,
बंद करो तो हो जाती है, सारी दुनिया की राते।
**उत्तर :** आँखे





कौन था जो भारत का, प्रथम प्रधानमंत्री बन पाया,
जो बच्चों के प्यार की खातिर, चाचा चाचा कहलाया,
**उत्तर :** जवाहरलाल नेहरु



उजली धरती काले बीज
देती हमको सुन्दर सीख
**उत्तर :** पुस्तक



मुझे सुनाती सब की नानी, प्रथम कटते ही होती हानी
बच्चे भूलते खाना-पानी, एक था राजा एक थी रानी।
**उत्तर :** कहानी

## તાલ – એકતાલ

માત્રા - 12 | બાજ - બંધ
તાલી - 1, 5, 9,11 | વાદ્ય - તબલાં
ખાલી - 3, 7 | ગાયકી - ખયાલ
ખંડ - 6 (2 + 2 + 2 + 2 + 2 + 2)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| ધીં | ધીં | ધા | ત્રક | તૂં | ના | કત્ | તા | ધા | ત્રક | ધીં | ના |
| x | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

## તાલ – જપતાલ

માત્રા - 10 | બાજ - બંધ
તાલી - 1, 3, 8 | વાદ્ય - તબલાં
ખાલી - 6 | ગાયકી - હળવું કંઠ્યસંગીત, ગઝલ, ભજન
ખંજ - 4 (2 + 3 + 2 + 3)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| ધીં | ના | ધીં | ધીં | ના | તીં | ના | ધીં | ધીં | ના |
| x | | 2 | | | 0 | | 3 | | |

## રાગ : ભૂપાલી (સ્વરાલંકાર)

1. **આરોહ** - સારેગ, રેગપ, ગપધ, પધસાં
   **અવરોહ** - સાંધપ, ધપગ, પગરે, ગરેસાં
2. **આરોહ** - સારે, રેગ, ગપ, પધ, ધસાં
   **અવરોહ** - સાંધ, ધપ, પગ, ગરે, રેસા
3. **આરોહ** - સારેગરે, રેગપગ, ગપધપ, પધસાંધ, ધસાંરેંસાં
   **અવરોહ** - સાંધપધ, ધપગપ, પગરેગ, ગરેસારે, રેસાધ઼સા

# જાણવા જેવું

## વિષ્ણુ નારાયણ ભાતખંડે લેખનપદ્ધતિ

એક માત્રા - કોઈ ચિહ્ન નથી - સા રે ગ મ

અડધી માત્રા - એક અર્ધચન્દ્રમાં બે સ્વર - સારે ગમ

પા માત્રા - એક અર્ધચન્દ્રમાં દરેકની પા માત્રા - સારેગમ પધનિસાં

સ્વરના ઉચ્ચારણ લંબાવવા - સા...

ગીતના અક્ષર લંબાવવા - રાઽઽઽ મઽઽઽ

| | | |
|---|---|---|
| શુદ્ધ સ્વર | - | સા રે ગ મ (કોઈ ચિહ્ન નહીં) |
| કોમળ સ્વર | - | રે ગ ધ નિ (નીચે આડી લીટી) |
| તીવ્ર સ્વર | - | મ (ઉપર લીટી) |
| મંદ સપ્તક | - | નિ ધ પ (સ્વર નીચે બિંદી) |
| મધ્યસપ્તક | - | સારેગમ (કોઈ નિશાની નથી) |
| તાર સપ્તક | - | સાં રેં ગં મં (ઉપર બિંદી) |
| । | - | તાલનો ખંડ પૂરો થયાનું ચિહ્ન |
| x | - | સમની નિશાની |
| 0 | - | ખાલીની નિશાની |
| મીંડ | - | સાધ પગ (ઉપર ચન્દ્રાકાર) |
| કણસ્વર | - | નીધ સ્વરના બારીક |
| (સાં) કૌંસમાં | - | આગળનો સ્વર પછી તે સ્વર, પછી એ સ્વર પછીનો ફરી તે સ્વર રેંસાંનિસાં |